ચંદ્ર ચકોર.

નાટકનાં ગાયનો.

શ્રી લક્ષ્મિવિલાસ નાટક કંપનીને માટે.

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર.

રણછોડદાસ ભાઇચંદ આમલીવાળા.

આવૃતિ પેહેલી પ્રત ૧૦૦૦.

અમદાવાદ.

"ગુજરાત" પ્રીન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૫૬ સને ૧૯૦૦.

કીંમત બે આના.

ચંદ્ર ચકોર નાટકનાં ગાયનો.

1

શ્રી નારાયણ મુની પરીબ્રહ્મ પુરૂષોતમ
શાહાય દીજે સુતધારી. શ્રી.
સરણે ચરણે છે આપ તણે શીશ
કરજો રક્ષા દયાળુ જગદીશ
મધર્મ કુમાર, છો સુખકાર,
છો બ્રદધારી, ક્રશ્ન મોરારી. શ્રી.

ચંદ્ર ચકોર— 2

માજી શું તું જાવા કરે કરી નોધારાં આમ
વચન આ તારાં શુણી છુટી જાયે મુજ હામ. માજી.
ગાય વિનાનું વાછરૂં જનની વિનાનો સુત,
રખડી રઝળીને મરે પામી પામી તે દુઃખ. માજી.
કમળ જળ વિના કદી મા જીવે નહિં લગાર,
તેમ તુજ વિના માવડી જરૂર હું મરનાર. માજી.

કાન્તા— 3

વહાલી માવડી શું તું જાસે મરી,

કોને આસરે મુકી આ કીકરી,
દયા દીલ આણો આ સુતા તણી,
હજી આશ મનમાં છે મુજને ઘણી.
હજુ તો કુંવારી છું હું મુજ માત,
કરીશ સુખ દુખની કોની સંગ વાત.
ફુટેલા ઘડાની જેવી ઠીકરી.
તેમજ જાણુજે આ તારી દીકરી.

ગંગારામ— ૪

હું છું માનીતો હજામ. મુને નમે બધું ગામ.
ગંગારામ મારૂ નામ કરે સૌ નામી સલામ. હું છું.
બંદાની ચાતુરી આગળ પંડીતો પણ તુચ્છ,
ગટમ પટમ સમજાવીને કરૂ રાજાને ખુશ.
આહા કરૂ રાજાને ખુસ વાહવા કરૂ રાજાને ખુશ. હું છું.
રજનીકા ખુશ ખુશ બહુ થાસે જોઇને મારૂં કામ,
પછી રંગે રમશું બંને કરશું એશારામ.
આહા કરશું એશારામ વાહવા કરશું એશારામ, હું છું.

પુષ્પસિંહ— ૫

જાવો સિધાવો તમેજ અહીંથી એ રંભાને લઈ આવો,
સફળ કરૂં જીંદગાની મારી રસીક રામાથી લઇ લ્હાવો.
લાવો લાવો એ રસીકથી શોભાવું મારો મ્હેલ,
આનંદથી અહા ઉડાવું રંગરેલ.
પ્યારી નારીથી મચાવું પ્રેમ તણો ખેલ. જાવો.

જીવારાત— ૬

કહેવાઇએ કાકા હમે રાત, અમારી સૌથી હલકી જાત.

ધંધોસે માથાં મુંડવાનો એ મોહોટો ઉતપાત,
બૈશાખ બૈશાખ સૌને કરવા એ મ્હોટી પંચાત. કહેવાઇએ.
બે દમડીના માણુસની દાઢીમાં દેવો હાથ,
પેદાસ ત્યારે ત્રણ ટકાની કમબખ્તીની વાત.
ઘરાક આવી ઘરમાં મારાં સમજાવે મુજ નાર,
કરે મશ્કરી હજામડીની બળ્યો મારો અવતાર. કહેવાઇએ.

વરણુશંકર— ૭

ધંધો મઝાનો છે આરે ખુબ ધંધો મઝાનો છે આ.
વાવારે કોમ માથાં મુંડવાનું. ધંધો.
એકતો છોર મારો છે આ વંલાતી પથરી પણ વળી બેશ.
ચીપીઓ નરાણીને કાતરપણ સારાં ઇના પરતાપથી છે એશ.
વાહ.
ચંપી કરૂં ખુબ ચતુરાઇથી ને દોડીયાં રોકડાં ઝરાઉં
બેસું હજામડીની સાથે ઝુલ્લાપર પાનની પટી કરાવું. વાહવારે.

ભગારાત— ૮

આહા આહારે કેવી લેજત પડી,
વાહવા વારે ખુબ તાડી ચડી,
ભાઇઓ આવો, તાડી, લાવો પીયો પાવો મઝા ઉડાવો,
જ્યારે ચડે ખુબ રંગ, મચે પ્રેમ તણો જંગ.
લેજત પુર હાંહાંહાં, ચકમાચુર હાંહાંહાં,
આનંદપુર હાંહાંહાં, ખીલે નુર હાંહાંહાં. આહા.

૯

સખી સરદ પુનેમનો ચંદ ચીત હર લાગે છે,

જોઇ શીતળતા સુખકંદ આનંદ જાગે છે.
શોભા શી આજની વખાણીએરે સખી,
ગગન મંડળની માંહરે, રચના બની છે બહુ ફાંકડીરે લોલ.
ચમકે ચાંદરણી શી તારાની સંગ સખી, મંદમંદ કેવી મલકાય. રચના
ચંચળ ચાલ ચાલો ચટકાળી, તાળી ઝીલો લટકે લટકાળી.
કંઠે કોકીલ ખટકાળીરે, ગાવો ગીત મધુરાં,
ચંદન હાર શા ચમકે રૂપાળા, ઊરપર ઓપે અતિ રઢીઆળા.
મુક્તાફળની માળારે, ગાવો ગીત મધુરાં.
કંકણ કાંબીને ચોળી ચગકતી, લેલાટ વિષે દામની દમકતી,
નાકમાં નથની થનકતીરે, ગાવો ગીત મધુરાં.
ઝાંઝર ઝમકે ને ઘુઘરી ઘમકે, ચણીઓને સાડી કેવાં સારાં ચમકે.
ચાલ ચાલો એની ઠમકેરે, ગાવો ગીત મધુરાં.
તરૂવર શા ખીલી રહ્યાં, થઈ પ્રફુલીત આજ.
મીઠી લ્હેકી વાયુની, દેશાંતી મનમાંજ.
શોભે શી માહાસાગરની લ્હેરરે સાહેલી મોરી,
નમણી થઇને સખી કેવી ઝુકે છે રે, આનંદ ભેરરે સાહેલી મોરી.
આહા સાહેલી મોરી, વાહ વાહ સાહેલી મોરી.
પતીવૃતા જે પ્રેમદા, ધનધન તેહ અવતાર.
શિયળ ધારી સાધવી, રીઝવે નીજ ભરથાર.
સખી વીધીને વૃત સંભાળોરે, જેથી રીઝે પ્રભુ બીજવાળોરે,
સુખી થાવાનો પંથ નીહાળો, કરી લટકો લ્હેકતી ચાલોરે.
ખીલી ચંદની ચોકમાં સજનીરે કેવી રૂડી શોભે છે આ રજનીરે,
લટકાળી ચાલો ચાલ શજની, કરી લટકો, લ્હેકંતી ચાલોરે. સખી.

રજનીકા— ૧૦

પ્યારા પ્રાણનાથ સુણો વાત મારી આજ.
છું સદાની દાસી જાણજો તમે માહારાજ
જીવીત સફળ સમજું જોઈ આપ તણું મુખ,
સુખી આપ સુખે આપ દુખે મુજને દુખ.
જો કદાપી આવો કચેરીથી મોડા પ્રાણ,
તો તો આ તમારી કીંકરીની થાતે હાણ.

ગંગારામ— ૧૧

લઉં છું રજા દીલજાન જાવાને હવે હમો,
રજનીકા—પધારો પ્રાણનાથ વ્હેલા આવજો તમો. લઉં છું.
જાવો છો પણ ગોઠશે આ પ્યારીને નહીં,
ગંગારામ—આવીશ પાછો નક્કી હું ઉતાવળો અહીં. લઉં છું.
રજનીકા—ખાઓ સોગન માહેરા કે વળીશ વેગે આમ,
ગંગારામ—તારા સમ તારા સમ નવ થોભું તેણે ઠામ.
રજનીકા—રે પ્રાણ, પ્રાણ, વારીમારા પ્રાણ. લઉં છું.

કાન્તા— ૧૨

હાય વિધાતા, મોરી માતા, લેખ લખીયા શું કર્મમાં આવા. હાય
ગઈ સ્વર્ગમાં હાય તું જનુની, નવ ચિંતા રાખી નીજ તનની.
શું મા આવી કઠોર તું મનની. હાય.
ત્યારે જન્મજ શું કામ આપ્યો, તેજ પળે કાં ઠુંપો ન ચાંપ્યો,
કેમ પીંડ આ ત્યારે ન કાપ્યો. હાય.
નથી બેઠી હું માને ઉછંગે, નથી રમાડી માતાએ રંગે,
વ્હાલ કરી ન ભેટી ઉમંગે. હાય.

કાન્તા ૧૩

અરે ભ્રાત મારા પ્યારા બાપુ છે નહીં તમારા,

છે નઠારી રે, દેશે હારીરે,

ચંદ્ર ચકોર–આ શું વદે છે બેનડી તું મારીરે,

કેમ અમથી રહેવાય, તારૂં દુખ હાય હાય, કેમ કહયા વિ-
ણુ રહેવાય,

હમણા બાપુ પાસે જઇશું, કહયા વિના તે કેમ રહીસું. અરે

ચંદ્ર ચકોર– ૧૪

શું શાવકોથી ડરીજ જઇશું, નહીં નહીં નહીં ઓશીયાળાજ રહીશું. શું.

વાંક ગુનો પુછશું જઇ તેને, શા માટે મારી છે એને,

જોઇએ શું કહે છે તે તાત.

કાન્તા–પાસે હસે પેલી કમજાત. શું.

પુષ્પસિંહ– ૧૫

નવ પામ્યો જે નાર પદ્મની નવ પામ્યો જે નાર,

તેનો વૃથા વૃથા અવતાર. પદ્મની.

અલોકીક રંભાનું સુખડું જે, નહીં જોયું નર વ્રથા જન્મ્યો તે

રૂપે રતીથી અધીક રૂપાળી, શીશ શોભે નાગણ વેણુ કાળી,

કુમકુમ ચંદ્ર કરી લટકાળી, ચાલ ચાલે જરા નેત્રજ ઢાળી,

બહુ લટકાળી બહુ ચટકાળી, કામણગાળી અતિ રઢીયાળી,

વાહ, વાહ.

મન હરનારી સુંદર સારી બલીહારી બલીહારી તારી,

સફળ સફળ અવતાર, કરે તું સફળ સફળ અવતાર. પદ્મની,

ચંદ્ર ચકોર ૧૬

સુણો તાત મારી વાત અંતર ધરીએ,
અંતર ધરીએ રે વિચાર કરીએ. સુણો.
બેનને શા માટે તમે મારી, શો છે તેનો વાંક,
અરજ અંતર ધરીએ. સુણો.
સાવકીને પક્ષે રહીને સમક્ષે, કીધો પિતાજી તમે પ્રહાર,
માર્યો માર. બેસુમાર, આમ નવ કરીએ. સુણો.

પુષ્પસિંહ ૧૭

ચુપ ચુપ બંધ કર બકવા નહીં કર બોલ આ ડહાપણના,
બંને–વચન આ નીકળેછ શીખવેલાં પેલી સાપણના.
પુષ્પસિંહ–ચુપ જા અહીંથી દુર થા,
બંને—હાં હાં હાં પિતાજી હાં, નાહક સીદને ક્રોધ કરો છો રંક
કુંવરપર આ.
પુષ્પસિંહ–શીખ મને દેવા લાયક છો શું તમે નાદાન,
બંને—કેમ એમ વદાય પિતાજી હમે છીયે ગુલામ.
પુષ્પસિંહ–બસ બસ મીઠું બોલી બોલી ફોસલાવો હેવાન,
બંને—બાપુ શીદ વદો છો આમ,
પુષ્પસિંહ–બસ બીલકુલ બંધ કર જબાન.
બંને—નાહક શીદને ક્રોધ કરો છો રંક કુંવરપર આ. ચુપ.

ચંદ્ર ચકોર— ૧૮

ફસાઇ પ્યારમાં કોપો શું આમ હે પિતાજી,
ઝલાયા ઝાળમાં બન્યા ગુલામ હે પિતાજી. ફસાઇ.
વિસાર્યાં બાળ આ પોતાના પ્રેમમાં શું આજ,

મરી ગઇ માત પછી તાતની ટુટી સગાઇ. ફસાઇ.
દીધેલો કોલ તો સંભાળો થઇ સ્થીર પિતાજી,
કેમ ફેરવો છો તેની ઊપરે આ નીર પિતાજી. ફસાઇ.

ચંદ્ર ચકોર— ૧૯

ફુટી ગયું તગદીર કે હાયે ફુટી ગયું તગદીરરે,
બાપુ વેચાણા, માતને હાયે ફુટી ગયું તગદીરરે.
વાત સુણી નહીં હમે કહી જે ઊલટી ચડાવી રીસરે,
દઇ ફીટકારો કાઢીજ મુકયા કાપવા ઊઠયા શીશ,
હાયે હાયે કાપવા ઉઠયા સીશરે. બાપુ.
બેનને મારી કીધા લાચારી વણ વિચારે તાતરે,
વેરણ થઇ આ વાઘેણ પુંઠે પડી છે સાવકી માત,
હાયે હાયે પડી છે સાવકી માતરે. બાપુ.

છોકરાઓ— ૨૦

ચાલો દોસ્ત સ્હેલ કરવાને, મન અમન ચમન ધરવાને રે. ચાલો.
રમત રમશું ગમત કરશુ, અંતરમાં ઠરવાને રે. ચાલો.
પોશાક પેહેરો તરેહ તરેહના, મોજ સુખ હરવાને રે. ચાલો.

છોકરાઓ— ૨૧

ગેડી દડે ગેડી દડે રમો સૌ ભાઇ, અંતરમાં આનંદ થાશે,
રમો રમત રમો રમત મળી સૌ ભાઇ, અંતર.

સર્વ—વાહ ખુબ મઝા છે આજે હાં આજ,
હાં ગમત ઉડાવો આજે હાં આજ,
ચાલો દોસ્ત રમો સૌ સાથે હાં સાથ,

ચકોર—અલ્યા બાલ આવ, આપ તું દાવ,

દડો ઉઠાવ, ફેંક હાથ રહાય. અંતર.

૧ લો છોકરો—હું એકલો ને તમે સર્વ,
ચકોર— ઉતારીસ તારો ગર્વ,
૨ જો છોકરો—છે અચ્છું રમતનું પર્વ,
૩ જો ,, —થાવો તૈયાર,
૪ થો ,, —કરો નહીં વાર,
૫ મો ,, —ફેંકો આ વાર,
સર્વ—ફીકર છે નાહીં. અંતર.

૧ લો છોકરો—લે અપાતું છું હું દાવ,
૫ મો ,, —ચાલ બચ્ચાજી આમ આવ,
ચંદ્ર—તું દડો મારી પાસ લાવ,
ચકોર—નહીં નહીં નહી, સમીપે રહી, ફેંક તું સહી.
બધા—ભલે લ્યો ભાઇ, અંતર.

૧ લો છોકરો—નિશાળેથી રજા આજ થઇ છે,
૨ જો ,, —મા ગેહેતાની મરી ગઇ છે,
૩ જો ,, —હાં ઠીક તેંયે પણ કહી છે,
૪ થો ,, —ખરી છે વાત,
૫ મો ,, —થઇ નિરાંત,
સર્વ—હવે સૌ ભ્રાત, રમો સુખદાઇ. અંતર.

સર્વ— ૨૨

જાવો જાવો ભાઇઓ તમો જાઓ,
હા હા હા તમે જાઓ તમે જાઓ તમે જાઓ. જાવો.
દડો હાથ તમારે ગયો છે માટે તમારે જાવુંજ પડશે,

ચંદ્ર ચકોર—ભાઇ હમે જાઇશું પણ એ અમ માત અમારી સાથે લડશે,
બધા— જાઈ આવ જાઇ આવ જા લઈ આવ લઇ આવ. જાવો.
ચંદ્ર ચકોર— ૨૩

કેમ જવાસે તે વાસે, થાસે જાતું તો નિશ્ચે વિઘ્ન એમાંથી કાંક
ઇર્ષા કરી માંત શાવકી કાઢશે કાંક હમારોજ વાંક,
બાપુજી કોપશે જરાન થોભશે માર્યા જસું હમે રાંક. કેમ.
શીખવશે નવી માત, ક્રોધે ભરાશેજ તાત,
વેરણ આ શાવકી છે હમારી એનોછે અમને બહુ ધાક. કેમ.

ચંદ્ર— ૨૪

આ શું વદો છો વિવેકી માત માહેરી, આ શું.
શબ્દો શા ઉચ્ચારો છો આ જીભથી કરી.
પતીને જે પત્ની વેણ મુખથી વદે કાંય.
વચન તે અમ સંગ માત તમથી કેમ વદાય. આ શું.
પુત્ર અને માતાનો શું માજી છે આ ધર્મ,
કેમ તમને આજે આવું સુઝયું કુડું કર્મ. આ શું.
જો કદાપી પ્રાણ આ હમારા હાલ જાય,
શું તથાપિ દેહ આ વિકારથી ભરાય. આ શું.

ચંદ્ર ચકોર ૨૫

તારા ડરાવ્યા ડરવાના નથી, તું જાણ તારા, તારા.
શું બકે આમ, વાત વિચાર કાંઇ, બકે કામ અંધ થઇ,
બુદ્ધિ તારી ગઈ, જા જા બુદ્ધિ તારી ગઇ. તારા.
શું સમજાવે દુષ્ટા આમ તું, સમજ હમોને બાળ નહીં તું,
કરૂં શું આવી હું કૃતી. તારા.

રજનીકા— ૨૬

પ્રાણ પ્યારા મારા વદું શું હું વાત વાત વાત
એકાએક ચંદ્ર અહીં આવ્યો, વિચાર દુષ્ટજ પોતે જણાવ્યો;
મોટો કીધો એણે તે ઉતપાત પાત પાત. પ્રાણ.
ધસી આવ્યો એકદમ મુજ ઉપર, જુલ્મજ કીધો ગણો હું પર,
હું ન ચેતી જાતે તો ખોટું થાત થાત થાત. પ્રાણ.
ચકોર ઉભો ચોકીજ કરવા, ચંદ્ર આવ્યો મુજ શીયળ હરવા;
વળી મારી ગયો છે મુને લાત લાત લાત. પ્રાણ.

પુષ્પસિંહ— ૨૭

છેદું શીશ તેમના કાઢું મુળ એમનાં કુંવર શું આવા અંગાર ઉઠયા.
મારૂં જઇ હાર નહીં વાર જરા કરૂં પાપથી ઇશ તેમનાજ રૂઠયા. છેદુ.
માત પોતા તણી નવ જરા મન ગણી કામ કીલ્લો ગણી થયાજ પાપી.
કપુત ફંદમાં પડયા નીચ ફંદમાં ધા કરૂ જઇ નાખુ કાપી. છેદુ.
મારો પણ ડર નહીં રાખ્યો નીજ મનમાંહી બહુ છાકે ગયા છેક ફાટી;
કુંભ આ પાપનો પ્રગટ થયો છાપનો ઉદરની આજ જણાઇ આંટી. છેદુ.

રજનીકા— ૨૮

કેવી યુક્તિ સખી મેં ચલાવી, કેવા ફંદમાં દીધાં ફસાવી. કેવી.
ઘાટ ખરેખર આ બેઠો છે ક્રોધ પતી દીલમાં પેઠો છે.
રાપી મન રીશ દેસે છેદી શીશ હવે હરનીશ પ્રેમ પ્યાલો પીસી
મુજ પ્યારા સંગે ધાવી. કેવી.
ચંચળા—વાહ વાહ બાઇ ચરિત્ર તમારૂં, ઠીક કરી હોશીયારીવારૂં.
કરી નૃપ મન ફસાવ્યા જતન યુક્તિ અન્ય અન્ય.
ચાલાકી ધન ધન.

બહુ હોસીયારીજ બતાવી. કેવી.

રજનીકા–કાસળ મુજ જીંદગીનું જાસે, અંતરમાં હવે આનંદ થાસે;

આનંદ અપાર,

ચંચળા–શંકા નહીં લગાર.

રજનીકા–વાળ્યો આજે ખાર,

ચંચળા–ઠીક કર્યો વિચાર,

રજનીકા–ખુબ કરીને પ્યાર. દીધા પ્રિતમને ફોસલાવી. કેવી.

ચંદ્ર ચકોર— ૨૯

તનપર તાત વિચારીને તમે કરોના આવો કોપ;

નથી નીતી તણી (૨) મરીયાદ કરી અમે લોપ. તન.

આપ અંતરમાં (૨) આ કોણે ઠસાવ્યું તાત,

કલંક આ આવ્યું છે ખોટું તરકટ છે સાક્ષાત. તન.

ઇન્સાફ કરો (૨) આ તોહમતનો જુગદીશ;

જો હમારો વાંક ઠરે તો છેદી નાંખજો શીશ.

કાન્તા— ૩૦

તમે ઘસડી કયાં જાઓ મુજ ભ્રાતરે,

કેમ આવા ક્રોધી થાઓછો તાતરે. હો બાપુજી મારા.

મારો જીવાડો તોપણ તમે બાપુ હમને તમારી છે ઓથરે,

ચંદ્ર ચકોર–અરે હવે બેન ઓથજ સાની પાડે છે હમારી એ

લોથરે, હો બાપુજી મારા.

કાન્તા–ઘડી ઘડી કરતા પ્યાર મુજને તે આજે કેમ ભુલ્યારે,

ચંદ્ર ચકોર–બાળક નિજ વિસારી બાપુ નારીના ફંદમાં સું ફુલ્યારે.

હો બાપુજી મારા.

જઇએ છીએ બેન હમોજ મરવા ચંડાળ સાથ ધસીનેરે,
પાછળથી પસ્તાશો બાપુ રહેશો હાથ ઘસીનેરે. હો બાપુજી મારા.

કાન્તા— ૩૧

જાણી: જાણી છે તુંને મેં જાણી,
કપટ વચન મુખે વદીને બને છે તું બહુ સ્યાણી. જાણી.

કરી અદેખાઇ ભ્રાત મારાની તું રાંડ કરાવે છ હાણી,
થઇ રાણી ઠકરાણી આજ કાલ અહીં તુંને આણી. જાણી.

વશ કીધા રાંડ મુજ પીતાને તેં પાઇને પ્રેમનું પાણી,
ગઇ ફાવી રાંડ ફાવી, આજ કાલની અહીં આવી. જાણી.

પુષ્પસિંહ— ૩૨

કોની સામું બકે છે તું આવું નાદાન,
ચઢયું ચઢયું બોલે છે શું વધીને હેવાન. કોની.

દુર થા દુર જા તું પણ ટકવું નહીં તારે એકે ક્ષણ:
જલદી જા નહીં તો તારો લઇશ હવે જાન. કોની.

કાન્તા— ૩૩

કુમતિ વિસારો દિલમાં વિચારો ન્યાય ઊતારો બાપુ જરા,
શું તરછોડો સરમ તજીને ફસી ગયા નારી ફંદ છે પ્રપંચ આ. કુમતી.
ફજેત થાશો બહુ વગવાસો પસ્તાસો બહુ દિલગીર થાસો,
શરમ શરમ નિજ નારીનેજ વશ થયા. ફસી ગયા.

અંક ૨ જો.

ચકોર—ચંદ્ર— ૩૪

શું ભાગ્યમાં લખ્યું હશે આવું હમારૂં આજ,
વાહે પ્રભુજી વાહ વાહે વિભુજી વાહ,
ઉગારો અહીં પ્રાણ હમારા ગરીબના નવાજ. શું.
બાપે તો દગો દીધો પણ તું કર ઇનસાફ,
એ ગુન્હે મરીએ હમે શુણજો પ્રભુ શિરતાજ. શું.

ભુતો— ૩૫

ખાઊં ખાઊં ખાઊં ખાઊં ખાઊં ખાઊં ખાઉં ખાઉં આ છોક
રાને ખાઊં. (૪)
ઘણે દીવસે ભક્ષ મળ્યું છે આખા ગળી જાશે. ખાઊં.
૧લો ભુત—કુમળાં કુમળાં આ બાળકો છે જોઇને રાજી થાવું;
૨જો ભુત—કાળજું એનું હું ખાવાનો તુજને નહીં બતાવું. ખાઊં.
૩જો ભુત—હેં હેં હેં હેં હેં હેં આજ આનંદ છે ખુશી હું થઇ જાવું;
૪થો ભુત—ઘણે દીવસે માનવ મળીયું માટે બહુ હરખાવું. ખાઊં.

ચંદ્ર— ૩૬

દઇને છેહ ભ્રાત તું ગયો કયાં આવા વનમાં,
દગો મુને દેતાં તુને દયા ન આવી મનમાં. દઇને.
દશા શી થઇ તાહેરી ઓ હાયરે આવી બુરી,
જાવું તે કયાં ને જોવું કયાં સુઝે ન કાંઇ તનમાં. દઇને.
દુખ આ વિયોગનું સહન શી રીતે કરૂં;
મરીશ દીન રાત ઝુરી દુખના દહનમાં. દઇને.

રજનીકા— ૩૭

જા અલી રાધા તું જલદી પ્રાણ પ્યારો લાવ,

પાડે કામ જવાળ શાંત યારને બોલાવ.
કામ ક્રીડામાં ચતુર છે એ દીલ જાન,
માટે પ્રીત બાંધી છે મેં રે સખીતું માન.
સુખ એ સમાન સ્વામી પાસ ન મળે,
આવે જ્યારે છેલ એ પીડા મારી ટળે.

રાધા—અરર બાઇ કૃત્ય આ ન આપને સોહાય,
સુજ્ઞ થઇને નીચ કર્મ કયાં કરોછો બાઇ.
મોટા છત્રપતીને તજીને તમે આમ.
માંડયો ફંદ જાળનો ઘટે ન આવું કામ.
એક મ્યાનમાં નહીં શમશેર બે સમાય,
જો કદાપી જાણે નૃપનો ખરાબી થાય.
નાથ છે તમારા જાણે ઇશ કેરૂં રૂપ.
તજી તેને કયાં પડો છો નર્ક કેરે કુપ.

રજનીકા— ૩૮

ચુપ ચુપ તુંજને મેં જાણી શેખી નવ કર તુંજ સાણી,
વિશ્વાસુ તુંજને ધારી, રાખી છે પાસે મારી,
કેમ વદે છે અવળી વાણી. શેખી
મુજ સંગ છે શો તુજ ધર્મ, કર વિચાર સમજી મર્મ,
જા લાવ યારને તાણી. શેખી
લાંછન તુંજ શીશ ચઢાવી, દુખ આપી દઇશ કઢાવી,
જુક્તિ નવ તે ગુંજ જાણી, શેખી

રજનીકા— ૩૯

સીદને રોકાઓ છો પ્રાણ વહાલા શીદને રોકાઓ,

છે સહી તમને એ જાણુ. વહાલા
પ્રેમ પુરો પ્રાણુ નથી તમારો વાત મારી નવ લેસ સ્વીકારો,
મીઠી વદો મુખ વાણુ, વહાલા
કરવું હતું આવું જ્યારે ત્યારે પાણી ગ્રહણુ સીદ કીધું તે વારે
મારીને મોહના બાણુ. વહાલા
આજે જો અસુર થાત લગારી, તોતો કીકરી આ નોહોતી તમારી,
છાંડત હું મુજ પ્રાણુ. વહાલા

રજનીકા— ૪૦

જાવો જાવો પતી આ રીત તમ નથી,
ઘડી ઘડીમાં જાઓ છો એ કેવી પદ્ધતી.
નથી કૃતી કુડી કંઇ કીધી પતી સુણો મેં આપ,
લાંછન કાંઇ લીધું નથી મેં સતી સાધવી છાપ.
અવર પુરૂષો આપ વિનાના જાણું દેખું જમ.
આમાં જો અસત્ય હોય તો આપતણા છે સમ,

રાધા— ૪૧

જા કહેજે તું કહેજે તું બાઇને તારી રાંડ કુલટા તારાથી નથી હું બીહીનારી.
ધુતારી ઠગારી તુંને બાઇ તારી હૈયાં ફુટી તેને કરાવે છે જારી.
પણ જોજે આખર કેવી થાય છે ખ્વારી,
ધીક્કાર બદકાર ફીટકાર. ફીટકાર.

રાધા— ૪૨

જા હવે જાન છલકાઇ જા જા કર તું કાણું.

રંડા કુલટાનું જાળું કીધું તેં બહુ અજવાળું,
ચરચ્યા તુંજ સરવે ભાળું કીધું તેં બહુ રૂપાળું
રાયને શીર રાંડ દીધું કલંક કાળું. જા.
દુષ્ટા દુર્ગુણ નીચ ફંદે ફસાવી બાઇ,
સાથે સામેલ થઇ, બુધ્ધી તારીજ ગઇ,
નીમકહરામી થઇ, નર્કનું શરણું લઇ,

ચંચળા–બસ બસ બંધ કર ઉચ્ચાર નવ કર.
જાણી ડાહાપીણી દુષ્ટ આપીણી સુખ સરવે તારૂંજ ટાળું. જા.

રાધા–ખબર પડસે જ્યારે પ્રગટ થાસે ભોપાળું,
ચંચળા–ઠીકછે ઠીકછે ચાલે તેવું કરજે તું તારૂં,
રાધા-ઉઘડસે કપટી તાળું થાસે આ મોઢું કાળું,
ચંચળા–વિચારીને ઉચરજે,
રાધા–જા જા થાય તે કરજે, જારી વિજારી સરવે તારી,
ચંચળા–નફ્ટ નારી લવરી તારી છોડ,
રાધા–હડ જા નિર્લજ નારી,

રજનીકા— ૪૩

ચંદ્રકમળ સુખ નીરખી નૌતમ સદા રહું આનંદ,
ફસાઇ પ્રેમ જાળને ફંદ, દાસી હું ચર્ણ તણી સુખકંદ,
બગીચો ખીલ્યો આ યોવન, લીયો લાખેણી સુ સુગંધ,
છેલા છે તક આ રમવા રંગ. ચંદ્ર.
જુવાની ખીલી આપણી સંગ, લીયો વૈભવ સુખ અનગ અનંગ
કામ ક્રીડાનો કરીએ રંગ, માંડીએ પ્રેમ રંગનો ઢંગ,
કૃતારથ કરીએ નાથ ઉમંગ. ચંદ્ર.

પુષ્પસિંહ—અરે વાહરે શાને ન ચમકતા તારા, ગોરીના શા ગાલ ગુ-
લાબી પ્યારા,

રાજનીકા—નહીં મારા એ છે નટવર તમારા. અરપી છે આ દેહ
તમોને પ્યારા.

પુષ્પસિંહ—ખીલ્યા છે, શા આ અધરામૃત કયારા,

રજનીકા—સુખેથી, પીજે અમૃત રસ પ્યારા,

પુષ્પસિંહ—વચનોમાં ઘાયલ પણ અમૃત ધારા,

રજનીકા—જાણું છું, છો મીઠા બોલા ઠગારા,

પુષ્પસિંહ—ચંચળ ચક્ષુ તીર ચઢાવી ચતુરાં કીધો ઘાય,
ઔષધ પ્રેમ તણું આલીંગન મળે તોજ રૂઝાય,
કીધો વસ હસી મને મંદ મંદ,

રજનીકા—દાસી છું ચર્ણ તણી સુખકંદ,

પુષ્પસિંહ—મચાવ્યો પ્રેમ રંગનો છંદ, ચંદ્ર.

પુષ્પસિંહ— ૪૪

ધીક્ક ધીક્ક ધીક્ક સુજને, કામમાં અંધ થયો,
ધીક્ક ધીક્ક ધીક સુજને, ભેદ કપટી ન લહયો.
હર હર નીજ હસ્તે, હણ્યા મેં પુત્ર પ્યારા,
કુવરી પણ ખોઇ, દુષ્ટ મેં થઈ હત્યારા,
શબ્દો સર્વે સાચા, પડયા પુત્રો તમારા,
કર્ણ થયા કાચા, કામ ક્રીડામાં મારા,
મતિ હીણ થઇ માર્યા, હાથ પુત્રો તમોને,
ક્ષમા કરી મમ ગુન્હો, મારી દેજોજ સુજને,

વિષય તણે પંઝે, ઝલાયોરે ઝપટે,
હર હર હું ભુલ્યો, કામનીને કપટે.

પુષ્પસિંહ— ૪૫

સુંરે સુતો છે તું પ્રાણીઆ બે તને કેમ ન આવેજી, કાળશત્રુ માથે
ગરગડે, નીંદ્રા કઇ પેરે આવેજી. સુંરે
બ્રહ્માના એક દીવસમાં, ચૌદ ઈંદ્ર જાયજી, તે પણ કાળનો કોળીયો,
વરસ સો પુરાં થાયજી, સુંરે
નળને હરીશ્ચંદ્ર રાય જે, રાવણને વળી ભોજજી, સૌના કીધા કાળે
કોળીયા, તું કાંક સમજીને ખોજજી. સુંરે
માનધાતા પૃથ્વી વર્યા, વચન લીધાંતાં હાથજી, તેને પણ કાળ
ખાઇ ગયો, પૃથ્વી ના ગઇ સાથેજી. સુંરે

પુષ્પસિંહ— ૪૬

જુઠો છે સંસાર સમજ મન જુઠો છે સંસાર,
મોહ ફંદમાં ફસો નહી ભાઈ જુઠો છે સંસાર.
વેલી વિષની જાણો વનિતા નર્કતણું છે દ્વાર,
કદી ભરશો કરશો નહીં કો પસ્તાસો ખુઆર. સમજ
આ રજનીકા રાંડ માહેરી કુલટા નીચ વિચાર,
મોહ જાળમાં મને ફસાવી આખર કીધો ખ્વાર. સમજ
માત તાત મિત્રો ને પુત્રો સો સ્વારથીઆં સાર,
કુટુંબ કબીલો માલ ખજાનો મીથ્યા છે ઘરબાર. સમજ

રૈયત— ૪૭

થરર કંપે કાય, શું રાય જાય, (૨)
રાંક આ રૈયતનો શો વાંકછે કહોને નૃપ કેમ તજી જવાય.

જુલમ, જુલમ, હાય, હાય, (૪) અમથી નહીં ખમાય.
વિયોગ કેમ સહેવાય, હૃદય ફાટી જાય, નજવાય, નજવાય.

પુષ્પસિંહ—કોને કહોછો રાય, કોણ રાય પ્રજાય, (૨)
હુંતો છું અહલેકનાથ જોગી રોગીનો શો સાથ કેમ સંબંધ જોડાય.
જગરાય, જગરાય, આરૂં કહેવાય.
જુઠી છે માયાની જાળી આ દુનીયાંની મ્હાંય.
સમજે કાંય, દીલની મ્હાંય, માયાણુ પ્રજાગ. ન જવાય.

અંક ત્રીજો.

દુંદાજી— ૪૮

લેજો દેવી ભક્ષ તમારૂં ખુશી થઇને આજે,
અરપું છું હું આપ ચરણમાં ખુશી થઇને ખાજે.
બાળ કુમારી છે આ સુંદીર તમ લાયક બહુ સારી,
ભોગ લઇને ભાવે ભવાની પુરો આશ હમારી.
છું તમ સેવક માતા મારી અરપું છું ગુણ ગાતાં
કાંક પ્રસાદી દેજો લેજો ભક્ષજ રાજી થાતાં.
આશીશ દેજે રાજી રહેજો નીજ સેવકપર માડી,
લુંટ મેળવજો રોજ હમોને જય અંબે તું દાહાડી.

કાન્તા— ૪૯

રાખ રાખ ભાઇ મને મારે શું કામ,
શસુર શસુર જરા થામ થામ થામ. રાખ.
શો ગુનો મેં તારો ક્યોંછે કેહેને શાને માટે ક્રુર થાયછે આમ,

નામ નિશાની નથી દીધું કંઇ તારૂં છતાં નેપદ સીદ કરે છે
હરામ. રાખ.

શણગાર આ શર્વે મારા જોઇએ તો તારે તો લે,
પણ તું જવાદે મને મારેજ ધામ.

પ્રાણ ઉગાર મારા ઓ પ્રાણ દાતા,
પગે પડું ઝુકું શીશ નામ નામ નામ.

દુંદાજી—ચુપ હઠીલી નહી કદી તને છોડું.

કાન્તા— શું તું માનેજ નહીં અરે રામ રામ,

દુંદાજી—હઠ ન માનું તોરી ચુપરે નાદાની.
મારીશ મારીશ આણે ઠામ ઠામ ઠામ. રાખ.

કાન્તા—પાપી તું મરસે,

દુંદાજી—ચુપ રહે હરામી.

કાન્તા—શાને તું.

દુંદાજી—ચુપ, બંધ કર તારી જબાન.

કાન્તા—નહીંજ માને તું કદી,

દુંદાજી—ના ના નહીં માનું,

કાન્તા—જોઇ લેશે જા મુવા શ્રી ઘનશ્યામ.

ચકોર— ૫૦

સાહાય થજો દીનાનાથે સંકટ સમયે સાહયે થજો દીનાનાથે,
અણચીંતું આ વિપરીત વિઘ્ન આવી ચઢયું મુજ માથે. સંકટ.
જ્ઞાતને ભગતી બંને અમે આંહી મરશું અરેરે સંગાથે. સંકટ.

કાન્તા— ૫૧

કૃષ્ન હરી દયા કરી રાખો શર્ણુમાંરે. રાખો શર્ણુમારે આપ ચર્ણુ
મારે. કૃષ્ન.

અજામેલ તાર્યો હરી પાંચાલીની વાહાર કરી,
લજ્જા રાખી ઉભા ચીર હર્ણમાંરે. કૃષ્ન.
અઘોર આ વન માંહે નથી કોઇ તણી સાહાયે,
ઉંચે આભ નીચે રહ્યા ધર્ણુમાંરે. કૃષ્ન.

અકોર— ૫૨

અરર વાહાલી બેનડી મુજ મને તું કયાં ગઇ,
કોણ હરી ગયું તને શી દશા તારી થઇ.
જાવું તે ક્યાં ને જોવું કયાં કયાં સોધું હવે તુંને,
શું હશે શુ તાહેરે સમજ નથી પડતી કંઇ. અરર.

છોકરાઓ— ૫૩

તારા બાપને અલ્યા નહીં પરણાય. (૨)

ગગો— ચુપ ચુપ ચુપ,

છોકરાઓ—હેં હેં હેં. તારા.

અલ્યા અલ્યા આતો છે ગાંડો,
છીંછીંછીંછીં કેવો છે જાડો,
રમવું નહીં આપણે એ સંગે,

ગગો— જો, હું મારી માઇને કહી દઇશ, બાપા એંએંએં, તારા

છોકરાઓ— ૫૪

ચાલો ચાલો ચાલો નાશો હાંહાંહાં,

ગગો— નહીં હું જવા દઉં ચાલો હું પણ આવું,

બાપા છે લુચ્ચા કાઢો એના કુચા. ચાલો.

નેમચંદ—બેસ બેસ પાજી,

ગગો— ના બાપાજી,

નેમચંદ—મારીશ મુકી ને લાત જા મરીજા કમજાત,

છોકરાઓ—અલ્યા આ કેવી વાત, થયો આતો ઉતપાત. ચાલો.

રૂક્ષ્મણી— ૫૫

જાવું હું વારીરે પ્યારાને મારા જાવું હું વારીરે,

પેસ્તનજી-વાહ મારી પ્યારીરે છબીલી તું તો વાહ મારી પ્યારીરે.

રૂક્ષ્મણી—તન મન આ સૌ માહેરૂં, મેં અરપ્યું તમને પ્રાણ,

પેસ્તનજી-હા હા દીલોજાન માહેરી, નથી મુને અજાણ. જાવું.

રૂક્ષ્મણી—દાશી સદાની આપની, કરશે પ્રેમે પ્રણામ,

પેસ્તનજી-નાજુક દીલબર માહેરી, હું છું તારો ગુલામ. જાવું.

રૂક્ષ્મણી—દિન દિન વાંધો આપણો પ્રીતી તણોજ ભેટ.

પેસ્તનજી-અલા બલા સૌ આપણી લઇ મરશે નેમા શેઠ. જાવું.

પેસ્તનજી— ૫૬

કેવો છેલ છબીલો પેસ્તનજી આ મોજ કરે છેરે,
આહા મોજ કરે છેરે શેહેલ રોજ કરે છેરે. કેવો.

આવસ જાવસ બેહસ ઊઠસ આ પ્યારીની સાથે,
ખાવસ પીવસ દિલબર સાથે નાંખી કંઠે હાથ. કેવો.

બોદા કરે ને પ્યારી મારી રહે સદા ખુશ આમ,
હમેશાં આ અલબેલાને લેજરાવે આરામ. કેવો.

૫૭

ગગો— બાપા ટને પયણું કે ટાડી માને હું,
નેમચંદ— બેસ બેસ રાંડના (૨),
ગગો— હેંહેંહેં (૨)
જીજીને પયણું હુતો મારો જીજીને પયણું મારી જી
જીને પયણું
બાપા ટને ન પયણું ટને.
નેમચંદ— મેર મેર મેર મેર મેર પટરાજી.
રૂક્ષ્મણી— મુંઇ રાંડ એની જી,
ગગો— કેમ
પેસ્તનજી—એ તો વહાલો પેસ્તનજી,
ગગો— હેંહેંહેં.
નેમચંદ— ચુપ ચુપ ચુપ. બાપા.

બધા સાથે— ૫૮

હાય હાય પેઠું આપણા ઘરમાં ભુત, ભુત, ભુત. હાય.
ચેટક પેઠું છે આ થાંભલામાં સમજ નથી પડતી કાંઇ આમાં
ઓ બાપજી,
મેર મેર પાજી,

ખેમચંદ—છોડી પટરાજી,
નેમચંદ— લાવો ભુવાજી,
સર્વ— લાવો લોબાન ને ધુણી આપો, વળી ઉપર ચાર લીંબુ કાપો.
આવ્યું મારા બાપરે ઓ બાપા,

પેસ્તનજી–કેવા છે ગદ્ધા,
ખેમચંદ—રાખો કાંઇ બાધા,
નેમચંદ—કીયા કાકાની,
પેસ્તનજી–આ પેસ્તન બાપાની.
ઇંદુવદની— ૫૯
ભયભીત સીદને થાઓ પ્રિય મુજ ભયભીત શીદને થાઓ.
ડરો છો શાને આમ જાઓ જાઓ. પ્રિય.
ચિંતા દુર કરીને તમારી કરો અંગીકાર આ નીજ નારી,
ચકોર–મુક મુક છોડી મારૂં તું કાંડું આમ વદે શીદને ગાંડું ગાંડું.
ઇંદુવદની–રંગે રમાડું ને સંગે જમાડું પ્રેમની સેજમાં પ્રાણુ પોઢાડું,
ચકોર— ના ના,
ઇંદુવદની–વાહ વાહ હવે તો વિયોગ દુખ નહીં સ્હેવાય,
ચકોર— હા હવે તો સંયોગ સુખ છલકાય
ઇંદુવદની–ચાલો ચાલો હવે શીદને શરમાવો. પ્રિય.
સર્વ દરબાર— ૬૦
ઘનનનનન ગરજે ઘોર ઘોર મેઉલો ખુબ વરસે,
દમકત બીજલી ઘનમાંહી ચમકે ચનન.
ચંદ્રસિંહ માહારાજ ચરણુમાં શીશ નમાવે સેવક સઘળા
સાનીસાનીસા નીધનીધપમ પધપમ પમપમગ મગમગરે
સાનીધપ મગરેસા સારે સા સારેગસા સાની ધપ મગરેસા,
રાખો અવિચળ નટવર તમને સદા સદા,
તકધી લાંગ તકધુમ છનનક છીમ ધા ધા ધા ધા ધા ધા ધા ધા ધા
સા અનંગ રંગ આનંદ સોર. ઘન.

કંચનીઓ— ૬૧

ગાતી મધુરાં ગીત કોયલડી ગાતી મધુરાં ગીત,
ચંચળ હરતી ચીત્ત કોયલડી. ગાતી.
સુંદર વનમાં ટહુ ટહુ કરતી પીયુ સંગ બાંધી પ્રીત,
ઘોર ઘટામય વૃક્ષે બેસી લેતી લ્હાવો નીત. કોયલડી.

૧ લીકંચની–વસંત રૂતુમાં સખીરી, વૃક્ષે વીંટાઇ વેલડી,
આલીંગન લઇ પ્રેમથી, પીયુ સંગ થાતી ઘેલડી. ગાતી.

કાન્તા—આવી છું નૃત્ય રંગમાં પણ, ધરતી મનમાં શોક બહુ,
મનની સહુ મનમાં રહી, થઇ ગઇ આશા ફોક સહુ. ગાતી.
જનુની ગઇ સ્વર્ગ વિષે, તાતે દીધો છેહ બહુ,
ભ્રાત મરાણા નીચ હસ્તે, નશીબ તુંજને શું કહું.
ભગની ગઇ ગણીકા ઘરે સહેતી સંકટ બહુ બહુ,
ભ્રાત ભાળે ભગની નાચે નશીબ તુજને શું કહું. ગાતી.

સર્વ પાત્રો— ૬૨

પરમ કૃપાળુ દીન દયાળુ કર કર તારી અત્રે સ્હાય,
ધર મર દ્રષ્ટી હર હર કષ્ટી વષ્ટી કર કરૂણાની અહાંય;
અખંડ જોડી આ બંનેની રાખો હરનીસ દીન દયાળ,
સુખ પ્રસારો દુખ વિદારો આવતાં વિઘ્નો ને તું ખાળ,
સુખ સદા ધરો,
આનંદમાં ફરો,
નિત્ય દીલ ઠરો,
પ્રભુ કૃપા કરો,

રહાય રહાય,
પ્રભુ સદા આનંદ સૌ ઊરમાં નવ માય પરમ.
જય જયકારી
થઇ સુખકારી
ધન્ય આ વારી
આ નરનારી
નમું મોરારી.
વારી વારી
સારે સારે રેગમ રેગરેગ ગમપગમગમમ પધ મપમપ ધનીસા
સારેગમ પધનીસા સાનીધપ મગરેસા પરમ

ચકોર— ૬૩

હવે સ્વદેશમાં વિચરસું, જઇ બાપુજીને મળશું જઈ.
જોડ઼ બંધુએ વિચાર કીધો ઘર જાવા મનસુબો કીધો.
બુધ્ધી વિચારી સારી, કરવા માંડી તૈયારી.
થઇ રહી છે આનંદકારી,
સૌસ્નેહી ભેળા ભળશુ જઇ
ઘણે દિવસે નીજ ઘેર જાસું મળતાં સૌને હર્ષીત થાશુ,
કરૂં કરૂં તૈયારી, ઉત્કંઠા થઇ છે મારી,
પ્રભુજી થયા સાહ્યકારી,
જઇ જનક, ચરણુ સીશ ધરશુ.

૬૪

ચકોર— વાહ શી રૂમઝુમ ઘુમ કરતી,
ઇંદુવદની— વાહલાને વંદન કરતી.

ચકોર— આમ આવો ચંચળ પગલે,
ઇંદુવદની— આવીજી ડગલે ડગલે.

ચકોર— તુજને બહુ અંતર ચાહું,
ઇંદુવદની— હું તમને વારી જાઉં.
ચકોર— અમૃત રસ સરખી વાણી,
ઇંદુવદની— રસ પીયો લાલ સહેલાણી.
ચકોર— રીઝયા શ્રી સારંગપાણી,
ઇંદુવદની— પ્યારા પ્રેમે બંધાણી.
ચકોર— અરે વાહરે શી વેણી શીરપર લટકે
ઇંદુવદની— ભરમાવી છે કરી કરી આમ લટકે.

ચકોર— ભ્રમર કમળપર ગુંજ કરે છે બહુ બહુ વ્યાકુળ થઇ,
ઇંદુવદની— ભલે ભ્રમર સુખેથી પોહોડે પ્રેમ કમળપર જઈ.

ચકોર— કમળ બીડાશે તો ભ્રમર પછી ગુંગળાશે
ઇંદુવદની — નહીં પ્યારા શાંતી સુખમાંહે વિલાશે.
ભ્રમર કમળ બે સીવ મસ્તકપર ચડશે જેણીવાર,
મોક્ષ ગતિ મોહનજી દેશે તુષ્ટ થઇ તે વાર,
ચકોર— ચપળરી પ્યારી જવાબ હજુર દેનારી,
ઇંદુવદની— આપ પ્રતાપની બલીહારી, છે સંગતની સરદારી,

પાંચ જણા— ૬૫

આનંદ આનંદ થાય છે મનમાં, રચના રસીક શી આ દીશે છે વનમાં
સુંદર મીઠી લ્હેર પવનની, આવે છે શી ધનમાં
આનંદ આનંદ વ્યાપી રહ્યો છે સુંદર ઉપવનમાં, આનંદ.

શરદનો શો બહાર બન્યો છે નૌતમ આ વનમાં,
અનંગ અનંગ અલબેલી લતાઓ લ્હેકે તન મનમાં. આનંદ.

દરબાર— ૬૬

જય જય જય જય જયકાર આજ,
આનંદ સાગર ઉભરાય અતિ જોઇ ચકોરસિંહ મહારાજ. જય.
શુભ દિવસ આ સુખકર આજે, ગાદીપતી થયા મહારાજે,
વાહ સૌ મન થયો અપાર આનંદ. જય.
ધન્ય ધન્ય રહો અવીચળ પ્યારા જીવો જુગજુગ શીરછત્ર હમારા
તપો તેજ તણી રીતી સાહે થાઓ જગપતિ,
કરો સદા શુભકૃતી આપો ઇશ શુભમતી,
થાવો કીર્તીજ છતી પામો સુખને સંપતિ,
કાપો વિઘ્નને વિપત્તિ આપો અચળ સંતતી,
સાહ્યે સાહ્યે સાહ્યકારી થાવો સદાશ્રી મોરારી,
કળા ચઢતી તમારી થાવો સદા જય કારી,
તન મન ધનથી નમીએ સૌ. જય.

સમાપ્ત.

આખરે સત્યનો જય છે.



